ટ્રાન્સજેન્ડર વેલ્ફેર ફંડના ઉપયોગ
અંગે સમિતિની રચના કરવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૨૨૦૨૧/૫૫૯૩૦/છ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૦૪/૨૦૨૨.

વંચાણે લીધા :-
(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૮/૨૪૬૨૫૬/છ.૧
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૨૮૦૦૭૬/છ.૧
(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષાનો તા.૨૮/૦૬/૨૦૨૧નો પત્ર નં.સસુખા/બલભ/ટી.જી.ફંડ /સમિતિ/૬૨૫/૨૧-૨૨.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવેલી છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૯ના ઠરાવથી ટ્રાન્સજેન્ડર વેલ્ફેર ફંડ ઉભુ કરવા બાબતે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજ પત્રમાં મંજૂર રહેલ નવી બાબતની રૂ.૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેની શરત નં. ૨ અન્વયે આ ફંડના ઉપયોગ અંગે સમિતિની રચના કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૩) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ટ્રાન્સજેન્ડર વેલ્ફેર ફંડના ઉપયોગ અંગે નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) | અધ્યક્ષ |
| ૨ | ગુજરાત સરકારમાં, નાયબ સચિવની કક્ષાથી ઊતરતી કક્ષાના ન હોય તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના, વર્ણાનુક્રમ અનુસાર વારાફરતી નીમવાના બે પ્રતિનિધિઓ. | સભ્ય |
| ૩ | અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૪ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર. | સભ્ય સચિવ |
| ૫ | ટ્રાન્સજેન્ડર/કિન્નર જાતિના પ્રતિનિધિ | બિન સરકારી સભ્ય |

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ( નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત )
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.